# મહેસાણા લેન્ડ રેકર્ડ કચેરીના કોન સર્વેયર અને લાયસંસી સર્વેયર એ.સી.બી.ના છટકામાં ઝડપાયા

## બન્ને અધિકારીઓએ ફરિયાદી પાસેથી ૧૫ હજારની લાંચ માંગી હતી

મહેસાણા, તા. ૧૧

મહેસાણા ડીસ્ટ્રીક્ટ લેન્ડ રેકર્ડ કચેરીમાં ફરજ બજાવતા કોન સર્વેયર અને લાયસંસી સર્વેયર એક ખેડૂતની જમીનની માપણીના કામે ડ્રોઈંગ સીટ આપવા બદલ રૂપિયા દશ હજારની લાંચ સ્વીકારતા લાંચ રૂશ્વત વિરોધી શાખાના અધિકારીઓ દ્વારા ગોઠવાયેલ છટકામાં આબાદ રીતે ઝડપાઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ વિસનગર તાલુકાના વાલમ ગામે રહેતા ભાવેશભાઈ મોહનભાઈ પટેલને જમીનની માપણી કરાવવાની હોવાથી તેમણે મહેસાણા લેન્ડ રેકર્ડ કચેરીમાં ફરજ બજાવતા કોન સર્વેયર અને લાયસંસી સર્વેયરનો સંપર્ક કર્યો હતો. આથી આ બંને કર્મચારીઓએ એકબીજાના મેળાપીપણાથી જમીન અંગેની ડ્રોઈંગ સીટ બનાવીને આપવા માટે રૂપિયા પંદર હજારની લાંચની માંગણી કરી હતી.

જેમાં સૌ પ્રથમ દસ હજાર રૂપિયા આપવાના અને ત્યારબાદ સીટની નકલ લેવા આવો ત્યારે પાંચ હજાર રૂપિયા આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું આ અંગે વાલમ ગામના ભાવેશ પટેલે મહેસાણા લાંચ રૂશ્વત વિરોધી ખાતાના અધિકારીને જાણ કરતા એ.સી.બી. અધિકારીઓએ લાંચ અંગે છટકુ ગોઠવ્યું હતું. આ બન્ને સર્વેયરો લાંચની રકમ લેવા માટે વિસનગર ખાતે કાંસા ચાર રસ્તા પાસે આવ્યા હતા જ્યાં ફરિયાદી પાસેથી રૂપિયા દસ હજારની લાંચ સ્વીકારતા કોન સર્વેયર દિલીપ બળદેવભાઈ પટેલ અને લાયસંસી સર્વેયર સુનિલપુરી ગણપતપુરી બાવાને લાંચ રૂશ્વત વિરોધી શાખાના અધિકારીઓએ રંગેહાથ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




### નેશનલ કક્ષાના મેન્ટલ અને અબાકસ સ્પર્ધામાં માણસા સ્પર્ધકોનો ઉત્સૃષ્ટ દેખાવ

ભારતમાં ૧૯૯૯ થી ઓસીએમએસ મેન્ટેટલ અને અબાકસ કોર્સ ચાલી રહ્યા છે. તે અંતર્ગત સપ્તાહે ચેન્નાઈ ખાતે નેશનલ કક્ષાની બારમી મેન્ટલ અને અબાકસ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં માણસાના સાત વિદ્યાર્થીઓએ વિવિધ મેડલ અને પ્રાઈઝ મેળવી માણસાનું ગૌરવ વધાર્યું છે. ગત સપ્તાહે ચેન્નાઈ ખાતે મેન્ટલ અને અબાકસની બારમી રાષ્ટ્રીય સ્પર્ધા યોજાઈ હતી. જેમાં દેશ-વિદેશમાંથી ૫૦૦ બાળકોએ ભાગ લીધો હતો. હરિફાઈમાં ગણિતના દાખલા ગણવાની પદ્ધતિમાં માણસાના સાત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ફેનિલ વિપુલકુમાર પટેલ, મેશ્વા પટેલ, નિધિ રાકેશભાઈ પટેલ, ભક્તિ જીતેન્દ્રભાઈ પટેલ તથા સ્થિત સુરેશભાઈ પટેલ વિનર પ્રાઈઝ મેળવ્યા હતા. જ્યારે રીયા હસમુખભાઈ પટેલ અને શ્રેયા મુકેશકુમાર પટેલે આશ્વાસન ઈનામ પ્રાપ્ત કર્યું હતું. આમ આ સ્પર્ધામાં ભાગ લેનાર સાતેય સ્પર્ધકોએ યશસ્વી સિદ્ધિ પ્રાપ્ત કરી સંસ્થાનું અને માતાપિતાનું ગૌરવ વધારતાં માણસા તાલુકાના શિક્ષણ પ્રેમીઓ અને પ્રજાજનોએ આનંદની લાગણી છવાઈ છે. (મયુરધ્વજસિંહ વાઘેલા)

# ખેડબ્રહ્મા શહેરમાં વારંવાર વીજળી ડુલ થઈ જતા શહેરીજનો પરેશાન

ખેડબ્રહ્મા, તા.૧૧

ખેડબ્રહ્મા શહેરમાં વારંવાર વિજળી ડુલ થઈ જતા શહેરના નાગરિકો, વેપારીઓ અને વિદ્યાર્થીઓ ભારે ત્રાહીમામ પોકારી ઉઠયા છે. અને સત્વરે વિજળી તંત્ર દ્વારા યોગ્ય પગલા લઈ નાગરિકોને નિયમિત વીજ પુરવઠો આપવા ઉગ્ર માંગણી કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર યુ.વી.વી.સી.એલ. દ્વારા ખેડબ્રહ્મા શહેરમાં બોગસ અને નબળી કામગીરીથી વારંવાર શહેરમાં એકાદ દિવસ છોડીને દરરોજ ડુલ થઈ જતી વિજળીએ શહેરના નાગરિકો, વેપારીઓ અને વિદ્યાર્થીઓને ભારે પરેશાનીમાં મૂકી દીધા છે. વિજળી ડુલ થતા વેપારીઓને કલાકો સુધી ગરમીમાં બેસી રહેવું પડે છે તો શાળા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગરમીમાં બેસી અભ્યાસ કરવો પડે છે.

જેથી તમામ નાગરિકો હાલ આ બેવડી ઋતની સાથે પરેશાન થઈ ગયા છે. ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા નજીક આવી રહી છે ત્યારે શિક્ષણ બોર્ડના આદેશ અનુસાર વિદ્યાર્થીઓ ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી કરી રહ્યા છે પરંતુ વારંવાર વીજ પુરવઠો ખોરવાતા વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ ચિંતિત બન્યા છે તો રાત્રિ દરમિયાન વીજ પુરવઠો ખોરવાતા નાગરિકોએ આખી રાત મચ્છરોનો સામનો પણ કરવો પડે છે. ત્યારે તાત્કાલિક ધોરણે વીજ તંત્ર નિયમિત વીજળી શહેરમાં પુરી પાડે તેમ નાગરિકો ઈચ્છી રહ્યા છે.

# ખેડબ્રહ્મામાં નવરાત્રીની તૈયારીઓ પુર જોશમાં

ખેડબ્રહ્મા, તા. ૧૧

આદ્યશક્તિ આરાધનાના મહાપર્વ અને ગરબા રશિકો માટે પ્રિય એવા નવલા નોરતા નજીક આવી રહ્યા છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના વેપારીમથક ખેડબ્રહ્મા શહેરમાં તેમજ તાલુકામાં નવલી નવરાત્રીની તૈયારીઓ પુરજોશમાં ચાલુ થઈ ગઈ છે.

યુવા હૈયાઓ પણ હાલ નવરાત્રીમાં ગરબાની રમઝટ બોલાવવા અનોખા થનગનાટ સાથે તૈયારીઓમાં લાગી ગયા છે ત્યારે છેલ્લા ઘણા વર્ષોથી નવરાત્રીમાં પરંપરાગત લોક ગરબા અને આદ્યશક્તિને રિઝવવા ગરબાઓની જગ્યાએ હિન્દી ફિલ્મીગીતો તેમજ અભદ્ર ગીતોનું ચલણ વધતા જુની વિચારશ્રેણી ધરાવતા લોકોમાં નારાજગી પ્રવર્તી રહી છે. નવરાત્રી માટે વિશ્વભરમાં જાણીતા ગુજરાતમાં તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. નવલી નોરતામાં જુમી ઉઠવા ખેલૈયાઓમાં થનગનાટ શરૂ થઈ ગયો છે. બીજી તરફ વિવિધ નવરાત્રી મંડળો દ્વારા આકર્ષક મંડળ જગમગતી રોશની માટેની લાઈટો સાઉન્ડ, માઈક સ્પીકર વગેરેની ખરીદી શરૂ કરી દીધી છે. તો યુવાન હૈયાઓ માટે ચણીયા ચોળી અને પરંપરાગત વસ્ત્રો પરિધાન જ્વેલરી વગેરેનું બજાર ગરમાવવવા લાગ્યું છે. જેમાં ઠેર ઠેર ખરીદી કરનારાઓની ભીડ જોવા મળી રહી છે. ખેડબ્રહ્મા અંબિકા માતાજી સંકુલમાં નવરાત્રીનો અનેરો ઉત્સાહ જોવા મળે છે. વર્ષે માતાજીના ખેલૈયાઓની ભીડ વધતી જાય છે. જેના કારણે માતાજીના મંદિરે પટાંગણ નાનુ પડે છે. આથી ગ્રામજનોની માંગ છે કે આ ગરબા અન્યત્ર કરવામા આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# ખેડબ્રહ્મા શહેરમાં બેવડી ઋતુથી વાયરલના કેસ વધ્યા

ખેડબ્રહ્મા, તા.૧૧

ખેડબ્રહ્મા તાલુકા તેમજ શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી ઋતુ પરિવર્તનના કારણે શહેર તેમજ ગામડા વિસ્તારમાં રહેતા અનેક લોકો ભેદી તાવના ભરડામાં આવી જતા હાલ ઘેર ઘેર માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ વાતાવરણમાં પલટો આવતા અને વધુ ભેજવળુ વાતાવરણ બનતા હાલ ખેડબ્રહ્મા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં આવેલી નાની-મોટી ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં વાયરલ ઈન્ફેકશનના દર્દીઓની લાંબી લાંબી કતારો જોવા મળે છે. સરકારી તંત્ર પણ આ તમામ વસ્તુથી વાકેફ છે તેમ છતાં કોઈ પગલા ન ભરાતા લોકો રોષે ભરાયા છે અને આ વણસતી પરિસ્થિતિને તાત્કાલિક ધોરણે કાબુમાં લેવામાં આવે તેવી માંગ ગ્રામજનો કરી રહ્યા છે.

# રાજ્યના પોલીસ મહાનિર્દેશકશ્રીને ડીસા કોર્ટનું તેડું

## એસ.પી.,ડી.વાય.એસ.પી. સહિત પાંચ સામે ગેરકાયદેસર અટકાયત મામલો

ડીસા ના એડીશનલ ચીફજ્યુડીશલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં સુરત ખાતે રહેતા ફરીયાદીએ જીલ્લા પોલીસ બેડા બનાસકાંઠામાં ફરજ બજાવતા ચાર વરિષ્ઠ અધિકારી સહીત કુલ પાંચ વિરુધ્ધ ગેર કાયદેસર અટકાયત તેમજ ગુનાહીત કાવત્રા સહીતની વિવિધ કલમો દર્શાવતી કહેવાતી ફરીયાદ રજુ કરી હતી. જે ફરીયાદમાં ૮મી ઓકટોમ્બર ૨૦૧૨ના રોજ ફરીયાદીનું વેરીફીકેશન લઈ નામદાર જજશ્રીએ તેમને મળેલ સત્તાની રૂએ રાજ્યના પોલીસ મહા નિર્દેશક ગાંધીનગરને કોર્ટમાં થયેલ તપાસનો અહેવાલ રજુ કરવા હુકમ કરતાં ચકચાર મચેલ છે.

આ બનાવની વિગત એવી છે કે ડીસા રૂરલ પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર ૨૦૪/૨૦૦૯ના કામે ફરીયાદી બલરામ ભરતભાઈ પઢિયારે મૂળ આસેડાના રહેવાસી મગનભાઈ ચેલાભાઈ દેસાઈ તેમના પુત્રો અને અન્ય એક વ્યક્તિ વિરુધ્ધ ઈ.પો.કો. કલમ ૧૯૩, ૧૯૬, ૨૦૯, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ વિગેરે મુજબની કહેવાતી ફરિયાદ દાખલ કરાવેલ. જેમાં પોલીસે તપાસ અંતે તારીખ ૨૧-૭-૨૦૧૧ના રોજ ડીસા કોર્ટમાં ચાર્જસીટ કરેલ. જેમાં સાહેબ નંબર ૧૭,૧૮ અને ૧૯ તરીકે આ કહેવાતી ફરીયાદના બીજા આરોપીઓને દર્શાવેલા આ ચાર્જસીટથી ફરિયાદીને સંતોષ ન હોઈ તેને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન ૧૭૭૦/૨૦૧૧ દાખલ કરેલી. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે તા. ૩-૨-૨૦૧૨ના રોજ હુકમ કરેલ અને મૂળ ગુન્હાની તપાસ ડી.એસ.પી.ની સીધી દેખરેખ હેઠળ કરી પુરવણી ચાર્જસીટ અથવા જે તે યોગ્ય રિપોર્ટ કોર્ટને કરવાનો આદેશ ફરમાવેલ જેના અનુસંધાને એલ.સી.બી. પી.આઈ. આર.કે. પટેલ પાલનપુરનાઓએ તપાસ પૂર્ણ કરી. બાકીના આરોપીઓ વિરુધ્ધ ખોટા બાનાખત તૈયાર કરવાના મામલામાં મળેલ પુરાવાથી સાબીત ન થતુ હોવાનો રિપોર્ટ જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ એસ.એમ.કટારા બનાસકાંઠાના સુપરવીઝન નીચે તેમના મારફત ડીસા કોર્ટને તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટને રિપોર્ટ કરેલ. આમ આ સમગ્ર કેસમાં બે વખત પૂરતી તપાસ અધિકારીશ્રીએ કરેલ છે. અને તે મામલાનો સક્ષમ કોર્ટમાં રિપોટ કરેલ છે.

જેમાં ફરીયાદી બલરામભાઈ પઢિયારે તેમ છતાં અગાઉના પોલીસ અધિકારઓ તેમજ કહેવાતા આરોપીઓ વિરુધ્ધ ખોટી અરજીઓ ચાલુ રાખેલ અને તે બાદ સી.એમ. ઓનલાઈનમાં રજૂઆત કરતાં તેનો રિપોર્ટ સી.એમ. ઓનલાઈનમાંથી પોલીસ પાસેથી માંગવામાં આવ્યો હતો જે આધારે હાલના જીલ્લા પોલીસ વડાશ્રી અશોકકુમાર યાદવે તેમને મળેલી સત્તાના આધારે અગાઉના તપાસ અમલદારોએ કરેલ તપાસ અને સક્ષમ કોર્ટમાં રજુ કરેલ રીપોર્ટની અવગણના કરી ડી.વાય.એસ.પી.યુ.આર.ઠાકોર, પી.આઈ.ડી.કે. ભોઈ તેમજ એસ.ઓ.જી. પી.આઈ. હિતેશ ગઢવી વિગેરેની સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ બનાવી હતી અને તે બાદ તપાસમાં કોઈપણ પ્રકારના વધુ મૌખિક કે લેખિત પુરાવાઓ મળ્યા વિના સી.આર.પી.સી. કલમ ૧૭૩ (૮)નું ખોટુ અર્થઘટન કરેલ અને નામદાર કોર્ટને તેમજ મૂળ ચાર્જસીટમાં સાહેદ છે તેવા હિતેશભાઈ મગનભાઈ દેસાઈને જાણ કર્યા વિના તેઓની તા. ૧૮-૭-૨૦૧૨ના રોજ આસેડા ગામ પાસેથી ધરપકડ કરેલી. જે ધરપકડ ગેરકાયદેસરની અટકાયતનો ગુનો બનતો હોઈ તેમજ હિતેશભાઈની પોલીસ કસ્ટડી દરમિયાન મૂળ ફરીયાદી બલરામભાઈ સામે મળી જઈ સમાધાનના નામે કિંમતી જમીન પડાવી લેવા અથવા રૂા. ૧૦ કરોડ કઢાવી લેવા તેમજ ખોટા પુરાવાઓ ઉભા કરી માનસિક ત્રાસ આપી હિતેશભાઈ અને મગનભાઈ ચેલાભાઈની સમાજમાં પ્રતિષ્ઠા બગડે તેવા ઈરાદાથી ખોટી હકીકતો પ્રસિધ્ધ કરાવી કાવતરૂ રચ્યા અંગેની ફરીયાદ હિતેશભાઈ ડાહ્યાભાઈને પોલીસે મહાનિર્દેશશ્રી ગુજરાતને તા. ૨૪-૭-૨૦૧૧ ના રોજ લેખિત કરેલ. જે અંગે માનવ અધિકર ગુજરાત રાજ્યે પણ માનવ અધિકાર અધિનિયમની કલમ ૧૮ હેઠળ પગલા લેવા કાર્યવાહી હાથ ધરેલ છે. પરંતુ પોલીસ મહા નિર્દેશક સાહેબ તરફથી બે માસથી વધુ સમય સુધી કોઈ ઠોસ કાર્યવાહી ન થતાં ફરીયાદીએ તા. ૫-૨૦-૨૦૧૧ના રોજ ડીસા કોર્ટમાં ક્રિમીનલ ઈન્કવાયરી નંબર ૧૭૨/૧૨ દાખલ કરી કહેવાતા આરોપીઓ (૧) અશોકકુમાર યાદવ જીલ્લા પોલીસ વડા બનાસકાંઠાના (૨) યુ.આર.ઠાકોર ડી.વાય.એસ.પી. બનાસકાંઠા પાલનપુર (૩) ડી.કે. ભોઈ પોલીસ ઈન્સપેકટર પાલનપુર પૂર્વવિભાગ (૪) એસ.ઓ.જી. પી.આઈ. ગઢવી પાલનપુર તેમજ બલરામભાઈ ભરતભાઈ પઢીયાર રહે. એન.આર. પાર્ક, ડીસાવાળાઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ ૧૬૬, ૧૯૩, ૧૯૫, ૧૯૬,૩૩૦, ૩૪૨,૩૮૪, ૫૦૦ તથા ૧૨૦ (બી) મુજબની ફરિયાદ દાખલ કરેલી હતી. જે ફરીયાદમાં ડીસાના જજશ્રી દ્વારા પ્રથમ આ ફરીયાદની ક્રિમીનલ ઈન્કવાયરી રજીસ્ટરે લેવા તેમજ ફરીયાદીને વેરીફીકેશન માટે ૮ મી ઓકટોમ્બરના રોજ કોર્ટમાં હાજર રહેવા હુકમ કર્યો હતો. અને તે બાદ હાજર ફરીયાદીની ફરીયાદ સાંભળ્યા બાદ આ કહેવાતા આક્ષેપોવાળી ફરીયાદના કામમાં ડીસાના એડી. જ્યુ.મેજી. ફ.ક. સાહેબશ્રી બુધ્ધભટ્ટી સાહેબે રજુ થયેલ પુરાવાનું પૃથ્થકરણ કરી સી.આર.પી. સી. કલમ ૨૧૦ મુજબ થયેલ ફરીયાદ અંશતઃ મંજુર કરી આ મામલે પોલીસ તપાસ ચાલુ છે કે નહી તેનો રીપોટ પોલીસ મહાનિર્દેશકશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગરને કરવા હુકમ કરેલ છે.

# પાલનપુરના રેલ કર્મીઓએ પડતર માંગણીઓને લઈ યોજ્યા ધરણા




(તસવીર : હરેશ જી. જોશી - પાલનપુર)

પાલનપુર, તા. ૧૧

ભારતીય રેલ્વે કે જેના સાથે આખો દેશ સંકળાયેલો છે. તેના કર્મચારીઓ જુદી જુદી માંગણીઓ માટે આજે દેશભરમાં વેસ્ટર્ન રેલ્વે એમ્પલોઈઝ યુનિયન સાથે જોડાયેલા રેલ્વે કર્મચારીઓએ જુદા જુદા રેલવે સ્ટેશનો પર ભૂખ હડતાળ ઉપર ઉતરી ઉગ્ર સૂત્રોચ્ચાર દેખાવો કર્યા હતા. પાલનપુર રેલવે જંકશન ઉપર એસ.કે. સિંહ મંડલ અધ્યક્ષ વે.રે.એ.યુ. અમદાવાદની આગેવાની હેઠળ ઉગ્ર સૂત્રોચ્ચાર દેખાવો તેમના કર્મચારીઓ સાથે કર્યા હતા. આજે સવારથી જ ઑલ ઈન્ડિયા રેલવે ફેડરેશનના આદેશથી સરકાર રેલ મંત્રાલયની નીતિઓના વિરોધમાં જુદી જુદી માંગણીઓ સંદર્ભે ઉપવાસ પર ઉતર્યા હતા.

રેલવે કર્મચારીઓની માંગણીઓમાં મજૂર વિરોધી નીતિઓ યોગ્ય માંગણીઓ સંદર્ભે ૯મી ઑકટોબર ૨૦૧૨ના રોજ દેશભરમાં આંદોલન કરવામાં આવેલ છે. જેઓની મુખ્ય માંગણીઓનાં જૂની પેન્શન પ્રથા ચાલુ રાખવા. તા. ૨૮ જૂન ૨૦૧૧ની ટ્રેકમેન પેકેજની જોઈન્ટ કમીટી ભલામણો લાગુ કરવા સહીત જુદી જુદી ૧૭થી વધુ માંગણીઓ અંગે આજે દેખાવો કરાયા હતા. જેમાં પાલનપુર રેલવે સ્ટેશન ઉપર યુનિયનના નેજા હેઠળ એસ.કે.સિંહ, પ્રહલાદભાઈ હિરાગર, બી.પી.ગઢવી, અનોજ ઝા, અશોક શર્મા, એસ.આર.પરિહાર (રિટા.) સહિત અનેક કર્મચારીઓ, અધિકારીઓ, મહિલાઓ સાથે ઉપસ્થિત રહી દેખાવો કર્યા હતા.

# પાલનપુર સબ જેલમાં કાચા કામના કેદીનું આકસ્મિક મોત થતાં ચકચાર

પાલનપુર, તા. ૧૧

પાલનપુરની સબજેલમાં લાવવામાં આવેલ એક કાચા કામના કેદીનું આજે સવારે જેલમાં જ આકસ્મિક મૃત્યુ નિપજતાં ભારે ચકચાર વ્યાપી જવા પામી હતી. જો કે, મૃતકની લાશનું પી.એમ. કર્યા બાદ લાશ તેના વાલી-વારસોને સુપ્રત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

પાલનપુર શહેરના સોનબાગ વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય છોટુભાઈ મોહનભાઈ માળીની બે દિવસ અગાઉ પોલીસે પ્રોહિબીશન ગુનામાં અટકાયત કરી તેને પાલનપુરની સબજેલમાં મોકલી અપાયો હતો. જોકે આરોપીની ગત સાંજના સમયે અચાનક તબિયત લથડતાં તેને શહેરની સરકારી હોસ્પિટલમાં સારવાર અપાયા બાદ પરત તેને જેલમાં લઈ જવામાં આવ્યો હતો. જો કે આજે સવારે કાચા કામના કેદી છોટુભાઈ માલીને જેલમાં જ ખેંચ આવતા તેમનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજવા પામ્યું હતું.

આ મામલે પોલીસે મૃતકની લાશને પી.એમ. અર્થે સિવિલ હોસ્પિટલમાં મોકલી આપી આ બનાવ અંગે તેના પરિવારજનોને જાણ કરી લાશ સુપ્રત કરવાની તજવીજ હાથ ધરી હતી. આમ આજે સવારે સબજેલમાં એક કેદીનું આકસ્મિક મોત થતાં તંત્રમાં હલચલ મચી જવા પામી હતી.

# પાલનપુરમાં ગેસ્ટ હાઉસ પર પોલીસના દરોડા

પાલનપુર પંથકમાં આવેલા વિવિધ ગેસ્ટ હાઉસોમાં આજે પોલીસે દરોડા પાડી રજીસ્ટર ના નીભાવતા ગેસ્ટહાઉસ હોટલ માલીકો-મેનેજરો સામે ઓચિંતા દરોડા પાડી ચેકીંગ હાથ ધરતાં શહેરમાં આવેલા હોટલો ગેસ્ટહાઉસ ધરાવતા લોકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

શહેરમાં કીર્તીસ્તંભ રેલવે-બસસ્ટેશન જતાં રોડ પર આવેલ જય અંબે હોટલ ગેસ્ટ હાઉસ તુલસી ગેસ્ટહાઉસ (કીર્તીસ્તંભ-અમીરરોડ ગલી) શંકર વીલાસ ગેસ્ટ હાઉસમાં એસ.પી. અશોકકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં ચૂંટણીપંચના આદેશથી અસરકારક કામગીરી હાથ ધરી એસ.ઓ.જી.ની ટીમે દરોડા પાડ્યા હતા. પી.એસ.ઓ. તુલસીભાઈએ જણાવેલ આજે ગેસ્ટ હાઉસમાંથી સ્પેશીયલ ઓપરેશન ગ્રૂપના ઈ. ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એચ. એમ. ગઢવી, સ્ટાફે ગેસ્ટ હાઉસના રજીસ્ટરો ચેક કરીને રૂમમાં ચેકીંગ હાથ ધરતા અને રજીસ્ટ્ર મુજબ જોવા ના મળતા પોલીસે જયઅંબે હોટલના અંબાલાલ ધર્માજી માળી, તુલસી ગેસ્ટ હાઉસના જગદીશ પ્રભુદાસ પટેલ અને ક્ષુધાશાંતિના રમેશ કેશવલાલ રાવલ, આબિદ અબ્દુલ કડીવાલ હોટલ સીટી પોઈન્ટ ગઠામણગેટ વાળા સામે વેઈટરની નોંધ અંગે આઈ.પી.સી.-૧૮૮ મુજબ કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીવાદી શૈક્ષણિક સંસ્થા લોક નિકેતન ખાતે ૨૪માં યુવક મહોત્સવનો થયો પ્રારંભ

## ઉત્તર ગુજરાત યુનિવર્સિટી આયોજિત ત્રિ-દિવસીય યુવક મહોત્સવમાં ચાર જિલ્લાની કોલેજોએ લીધો ભાગ

પાલનપુર, તા. ૧૧

પાલનપુર તાલુકાના રતનપુર ગામે આવેલી ગાંધીવાદી શૈક્ષણિક સંસ્થા લોકનિકેતન મહાવિદ્યાલય ખાતે ત્રિ-દિવસીય ચાલનાર ૨૪માં યુવક મહોત્સવનો પ્રારંભ થવા પામ્યો હતો.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ અને લોક નિકેતન રતનપુરના યજમાન પદે યોજાયેલ ત્રિ-દિવસીય ૨૪માં યુવક મહોત્સવનું આજે સવારે જાણીતા સાહિત્યકાર રતિલાલ બોરીસાગરના અતિથિ વિશેષપદે મનસુખભાઈ સલ્લાના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના કુલપતિ હેમાક્ષીબેન રાવના અધ્યક્ષપદે યોજાયેલ રતનપુરના સંચાલક હરિસિંહ પી. ચાવડા સહિત અગ્રણીઓ વિદ્યાર્થીઓ અને ગુરૂગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જો કે, લોકનિકેતન રતનપુરના આંગણે યોજાયેલ ૨૪માં યુવક મહોત્સવમાં ઉત્તર ગુજરાતના ચાર જિલ્લાની વિવિધ કૉલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

આજથી શરૂ થયેલ ત્રિ-દિવસીય યુવા મહોત્સવ તા. ૧૨-૧૦-૨૦૧૨ સુધી ચાલશે. જેમાં કૉલેજના યુવાનો પોતાની કલાને પ્રદર્શિત કરશે. આ યુવાનોને શાળાનાં ગુરૂગણ દ્વારા કલા કૌશલ્ય માટે જરૂરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES · APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧